અપીલ અરજી નં.૨૫૯ તા.૧૯–૧૧ –૧૦/૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર:– શ્રી કલ્પેશભાઈ દલપતભાઈ પટેલ (એડવોકેટ)
સામાવાળા:– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

**ફરીયાદની હકીકત:–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી કલ્પેશભાઈ દલપતભાઈ પટેલ (એડવોકેટ) ની તા.૧૪–૧૦–૧૦ ની અરજીથી ભટાર રે.સ. નં.૬૯, ટી.પી.નંબર :૨૭ (ભટાર– મજુરા), એફ.પી નંબર ૧૦૮માં આવેલ સોહમ બંગ્લો માં થઈ રહેલ ગેરકાયદેસર બાંધકામ બાબત.(૧) સદર જમીનમાં અગાઉ ગેરકાયદેસર બાંધકામ થયેલ હોય અને આ અંગે કોઈ વાંધા અરજી આવેલ હોય તો તે અરજીની નકલ તેમજ તે અંગે શી કાર્યવાહી હાથ ધરવામાં આવી તેની નકલ/લેખીતમાં માહિતી આપવી. વિ. મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબત.
**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૯–૧૧–૧૦ ની **SMC/FAP/** નં.૨૫૯/૨૦૧૦–૧૧

શ્રી કલ્પેશભાઈ દલપતભાઈ પટેલ (એડવોકેટ) ની તા.૧૪–૧૦–૧૦ ની અરજીથી ભટાર રે.સ. નં.૬૯, ટી.પી.નંબર :૨૭ (ભટાર– મજુરા), એફ.પી નંબર ૧૦૮માં આવેલ સોહમ બંગ્લો માં થઈ રહેલ ગેરકાયદેસર બાંધકામ બાબત. (૧) સદર જમીનમાં અગાઉ ગેરકાયદેસર બાંધકામ થયેલ હોય અને આ અંગે કોઈ વાંધા અરજી આવેલ હોય તો તે અરજીની નકલ તેમજ તે અંગે શી કાર્યવાહી હાથ ધરવામાં આવી તેની નકલ/ લેખીતમાં માહિતી આપવી. વિ. મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સાઉથ વેસ્ટઝોન (અઠવા)ના પત્ર નં.૮૭૨ તા.૧–૧૧–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૯–૧૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૯૮૯ તા.૨૭–૧૧–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)
ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.૧૦૩૫ તા.૩–૧૨–૧૦ થી અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/ અઠવા/ આરટીઆઈ/આ.નં.૮૨૨ તા.૨૨–૧૦–૧૦ થી અરજદારને માહિતી અંગેના નાણા ભરવા માટે પાઠવેલ પત્રની નકલ, ફી ભર્યાની રસીદ, જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર ન.સા.વે.ઝોન/અઠવા /આરટીઆઈ / આ.નં.૮૭૨ તા.૧–૧૧–૧૦ થી અરજદારને આપેલ માહિતી નકલ તથા એકનોલેજમેન્ટની નકલ,અરજદારની તા.૧૮–૯–૧૦ ની રીપેરીંગ કામની પરવાનગી માંગતી અરજીની નકલ, ટેના નં.૩૫એ–૦૭–૨૩૯૫–૦–૦૦૧ ના વેરાબીલની પંકજકુમાર નટવરલાલના ધારણકર્તાની નકલ, અરજદારની ટેક્ષ ભર્યા અંગેની તા.૧૫–૯–૧૦ ની સ્કોલ નં.૭૦૦/૪૨૧ ની નકલ, તા.૧૬–૯–૧૦ ના રોજ રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ , સુરતમાં કરેલ સ્પે. દિવાની મુ. નં.૪૧૧/૧૦ ની નકલ, ઉર્વશીબેનની તા.૨૭–૯–૧૦ અને તા.૪–૧૦–૧૦ ના રોજ કમિ.શ્રીને કરેલી અરજીની નકલ,કાર્યપાલક ઈજનેર તરફથી પંકજકુમાર નટવરલાલ પટેલતે પાઠવેલ પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/૪૧૦૫ તા.૪–૧૦–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને પૂરક વિગતોમાં મળેલ છે.

અરજદારની તા.૧૪–૧૦–૧૦ ની અરજીથી મોજે ભટાર રે.સ. નં.૬૯, ટી.પી.નંબર :૨૭ (ભટાર– મજુરા), એફ.પી નંબર ૧૦૮માં આવેલ સોહમ બંગ્લોઝ માં થઈ રહેલ ગેરકાયદેસર બાંધકામ બાબતે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/આ.નં.૮૨૨ તા.૨૨–૧૦–૧૦ થી માહિતી અંગેના પાના નંગ–૭૩ પ્રતિ રૂા.૨/– લેખે રૂા.૧૪૬/– જમા કરાવવાનું જમા કરાવવાનું ફરમાવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે રસીદ નં.૨૯૯૫૯૯ તા.૨૬–૧૦–૧૦ થી નાણા ભરપાઈ કરેલ. જે અંગે અરજદારને પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/ આ. નં.૮૭૨ તા.૧–૧૧–૧૦ થી માહિતી આપવામાં આવેલ. મુદ્દા નં.(૧) સદર જમીનમાં અગાઉ ગેરકાયદેસર બાંધકામ થયેલ હોય અને આ અંગે કોઈ વાંધા અરજી આવેલ હોય તો તે અરજીની નકલ તેમજ તે અંગે શી કાર્યવાહી હાથ ધરવામાં આવી તેની નકલ/ લેખીતમાં માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને વાંધા અરજીની નકલ પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં. (૨) સદર જમીનમાં બાંધકામ અંગે પ્લાન મંજુર કરવામાં આવેલ છે કે કેમ? જો બાંધકામ મંજુર થયેલ હોય તો તે બાંધકામ મંજુર થયેલ પ્લાન મુજબનું છે કે કેમ? તેની લેખિતમાં માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને સ્થળ ઉપર થયેલ બાંધકામ ઈમ્પેકટ ફી ના કાયદા હેઠળ રેગ્યુલાઈઝ કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે.(૩) સદર જમીનમાં મંજુર થયેલ પ્લાન વિરુધ્ધ થઈ રહેલ બાંધકામની વિગત લેખિતમાં માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી રેકર્ડ પર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. (૪) ગેરકાયદેસર બાંધકામ હોય તો તે અંગે તમે શી કાર્યવાહી કરી તે અંગે

લેખિતમાં માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી રેકર્ડ પર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. (૫) સદર મિલકતમાં રીપેરીંગ/મેન્ટેનન્સ માટે અરજી કરવામાં આવેલ છે કે કેમ? અને જો આવી હોય તો તે અરજીની નકલ તથા તે અંગે શી કાર્યવાહી કરવામાં આવી તેની લેખિતમાં માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માંગવામાં આવેલ માહિતીની નકલ પૂરી પાડેલ છે. તેવું જણાવેલ છે. (૬) સદર મિલ્કત બાબતે સ્થળ સ્થિતિનું નિરીક્ષણ કરતાં પાર્કીંગની જગ્યામાં બાંધકામ કરવામાં આવેલ છે, તેમજ અન્ય વધારાનું બાંધકામ કરવામાં આવેલ છે જે દુર કરવા બાબતે શી કાર્યવાહી કરવામાં આવી તેની લેખિતમાં માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી રેકર્ડ પર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. અરજદારે અપીલના મુદ્દા નં.૫(૧) પ્રશ્નવાળી મિલકતમાં બાંધકામ માટે આપેલ પરવાનગીવાળી રજાચિઠ્ઠી તથા મંજુર પ્લાનની નકલ. અપીલના મુદ્દા નં. (૨) ઈમ્પેકટ ફી ભર્યા પહેલા બાંધકામ થવું જોઈએ તેના બદલે ઈમ્પેકટ ફી તા.૪–૨–૦૪ ના રોજ ભરેલ જયારે બાંધકામ તાજેતરમાં કરવામાં આવેલ જે બાબતે કોઈ પગલા લીધા હોય તો તેની નકલ. અપીલના ામુદ્દા નં. ૫ (૩) સદર મિલ્કતની એન.એ. પરવાનગી મળેલ છે કે કેમ? અપીલના મુદ્દા નં.૬ મિલ્કતમાં થઈ રહેલ ગેરકાયદેસર બાંધકામ બાબતે ફરીયાદ શ્રીમતિ ઉર્વશીબેન તે પ્રભાતસિંહ નાથુસિંહની પુત્રીએ ચાલુ બાંધકામ સહિતના ફોટાઓ રજૂ કરેલ છે. તે અંગે કોઈ માહિતી આપેલ નથી. તેમજ સદરહુ મિલ્કતની માલીકી બાબતે નામદાર સીવીલ કોર્ટમાં દાવાદુવી પ્રકરણ ચાલુ છે. તેમ છતાં બાંધકામ ચાલુ રાખેલ છે તો તે અંગે શી કાર્યવાહી કરવામાં આવી તેની માહિતી મળેલ નથી. આમ અરજદારે તા.૧૪–૧૦–૧૦ ના રોજ પેરા નં.૫ માં જણાવેલ માહિતી મળેલ નથી. તેથી નારાજ થઈ તા.૧૯–૧૧–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજદારે અપીલના મુદ્દા નં.૬ માં કરેલી રજૂઆત બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી આપેલ જણાતી નથી. જયારે અપીલના મુદ્દા નં.૫ (૧)(૨),(૩) માં અરજદારે મુળ અરજીથી અલાયદા અપીલ તબકકે પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. મુળ અરજીથી અરજદારે પ્લાન કે રજાચિઠ્ઠીની નકલ માંગેલ જણાતી નથી. જેથી અપીલ તબકકે તે માટે અપીલનું કારણ ઉત્પન થાય નહીં. આમ અરજદારની મુળ અરજીથી માંગેલ પૈકી મુદ્દા નં.૧ વાંધા અરજી અંગે શી કાર્યવાહી થઈ તે તથા મુદ્દા નં.૫ રીપેરીંગ અરજીની નકલની માહિતી નહીં મળ્યાની તકરાર છે. મુદ્દા નં.૫ ની નકલ જાહેર માહિતી અધિકારીએ મોકલેલ જણાવેલ છે. છતાં મળેલ નહીં હોવાની અરજદારની રજૂઆત છે. મુળ અરજીના મુદ્દા નં.૩,૪ અને ૬ અન્વયે જાહેર માહિતી અધિકારી ધ્વારા રેકર્ડ પર માહિતી નહીં હોવાનું જણાવેલ છે. આરટીઆઈએકટની કલમ–૨(એફ) અને (જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જેથી તેટલા પૂરતો જાહેર માહિતી અધિકારીનો પ્રત્યુત્તર સુસંગત ગણાય.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૪–૧૦–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ ફરીયાદની હકીકતમાં જણાવેલ વિગતે મુળ અરજીના મુદ્દા નં.૧ વાંધા અરજી અંગે શી કાર્યવાહી હાથ ધરી તે તથા મુદ્દા નં.૫ રીપેરીંગ અરજીની નકલની માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને જણાવવામાં આવે છે. જયારે અપીલ મુદ્દા નં. ૫(૧) (૨)(૩) અંગે મુળ અરજીથી અપીલ તબકકે ઉપસ્થિત કરેલ પૂરક પ્રશ્નો અંગે અરજદાર લાગત જાહેર માહિતી અધિકારીને નિયમોનુસાર અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન).....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી કલ્પેશભાઈ દલપતભાઈ પટેલ